# ઊંઝામાં ખાનગી વાહનચાલકોના રોડ પર અડીંગાથી પ્રજા ત્રસ્ત

ઊંઝા, તા. ૨૦

ઊંઝા ખાતે એસ.ટી. બસસ્ટેશન અને હાઈવે પોલીસ ચોકી નજીક અમર્યાદિત મુસાફરો ભરીને એસ.ટી. બસોની સમાંતર દોડતા ખાનગી વાહનોના હાઈવે પર તેમજ સર્વિસ રોડ પર આડેધડ પાર્કિંગને લીધે અન્ય વાહનચાલકો તથા રાહદારીઓ ભારે પરેશાની વેઠી રહ્યા છે.

અત્રે હાઈવે પર તેમજ સર્વિસ રોડ પર છેલ્લા ઘણા વખતથી પોલીસની રેહમનજર તળે ખાનગી વાહનોના અડિંગા સામાન્ય બની ગયા છે. ખાનગી વાહનોના ચાલકો અમર્યાદિત મુસાફરો ભરીને મહેસાણા, પાટણ, સિદ્ધપુર, વિસનગર તેમજ આસપાસના કેટલાક ગામોમાં રોજિંદા હેરાફેરી કરી રહ્યા છે. આવા વાહનો મુખ્યત્વે એસટી બસોની સમાંતર દોડે છે. એસટી બસ સ્ટેશનની આસપાસના ચોક્કસ વિસ્તારમાં ખાનગી વાહનો થોભાવવાની સખ્ત મનાઈ હોવા છતાં જિલ્લા કલેક્ટરના જાહેરનામાની ઐસી કી તૈસી કરીને બેરોકટોક મુસાફરો ભરીને જે તે સ્થળોએ નિયમિત આંટાફેરા મારે છે. પરંતુ કથિત હપ્તાની લાલચે સ્થાનિક પોલીસ અને જિલ્લા ટ્રાફિક પોલીસની મીઠી નજર તળે આવા વાહનો અને તેના ચાલકો સામે કાયદાકીય કોઈજ કડક પગલાં ભરાતાં નથી. પરિણામે અહીં ખાનગી વાહનોની બોલબાલા ખૂબ વધી જવા પામી છે.

બીજુ મુસાફરો ભરવાની હોડમાં આવા ખાનગી વાહનો એપીએમસી સર્કલના વળાંક પાસે હાઈવે પર આડેધડ ઉભા રહે છે. જેના લીધે હાઈવે પરથી પસાર થતા અન્ય નાના મોટા વાહનો તેમજ ઊંઝા શહેરમાંથી અન્ડરબ્રિજની અંદર થઈને હાઈવે પર આવતા વાહનોના ચાલકોને સતત અકસ્માત થવાનો ભય રહ્યા કરે છે.

અત્રે નજીકમાં જ હાઈવે પોલીસ ચોકી છે. જ્યાં પોલીસ કર્મચારીની હાજરી હોય છે. અહીંથી પસાર થતા વાહનોના ચેકીંગ માટે બેરીકેટેડ મુકવામાં આવ્યા છે. જે એવી રીતે મુકાયા છે કે મોટા લોડીંગ લાંબા વાહનોને નીકળવું પણ મુશ્કેલ બની જાય છે. વધુમાં બાજુમાં જ એસટી બસ મથકમાંથી બસોને બહાર આવવાનો રસ્તો છે જેથી બેરીકેટેડની બાજુમાંથી બસોને હંકારવામાં ડ્રાઈવરોને મુશ્કેલી પડે છે. જેથી મોટા વાહનો સરળતાથી રોડ પરથી પસાર થઈ શકે તે રીતે પોલીસે બેરીકેટેડ મુકવા જોઈએ તેવું વાહનચાલકો ઈચ્છે છે.

# સોનાસણ ખાતે વિજેતા કોંગ્રેસી સભ્યોની બેઠક

## કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ : તાલુકા પંચાયત મજરા બેઠક અપક્ષ મહિલા ઉમેદવારે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે આગામી દિવસોમાં તાલુકા પ્રમુખ અને ઉપપ્રમુખને લઈને પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં પંચાયતમાં વિજય થયેલ કોંગ્રેસ ઉમેદવારો કોંગ્રેસ પ્રમુખ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.




પ્રાંતિજ નજીક આવેલ સોનાસણ ખાતે તાલુકા પંચાયતની ચૂંટણી બાદ કોંગ્રેસ દ્વારા પંચાયતના નવા પ્રમુખ તા. ૨૧-૧૨-૨૦૧૫ના રોજ પ્રમુખ માટેના કોન્સેફ માટે બેઠક મળી હતી. જેમાં અગાઉથઈ જ નક્કી થયેલ એસટી સીટના સોનાસણના મહિલા ઉમેદવાર દક્ષાબેન પહેલાથી જ પ્રમુખ પદના ઉમેદવાર છે છતાં બેઠકમાં કોનસેફ લેવામાં આવ્યા હતા.

જ્યારે આ પ્રસંગે તાલુકા પંચાયતમાં મજરા સીટ ઉપરથી અપક્ષ વિજેતા મહિલા ઉમેદવાર કેશરબેન અશોકકુમાર મકવાણાએ પણ કોંગ્રેસમાં વિધિવત જોડાઈ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો. જ્યારે આ પ્રસંગે જિલ્લા પંચાયતના વિજેતા ઉમેદવાર મણીભાઈ પટેલ, રામભાઈ પરમાર તથા કોંગ્રેસ પ્રમુખ સહિત બીપીનભાઈ, કૌશિકભાઈ પટેલ વગેરે કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરની અનિયમીતતાથી પ્રજા પરેશાન

## બપોર પછી ડોક્ટરની ગુલ્લી : પ્રજાને ભારે હાલાકી ભોગવવાનો વારો

ખેડબ્રહ્મા, તા. ૨૦

ગુજરાત સરકાર દ્વારા ગામડાઓના લોકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે કરોડો રૂપિયા ખર્ચી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. પરંતુ ખેડબ્રહ્મા તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં ડૉક્ટરો નિયમીત હાજર ન રહેતા હોવાથી પ્રજાને મુશ્કેલી વેઠવી પડે છે.

ખેડબ્રહ્મા તાલુકાના ઉચીધનાલ ગામમાં પીએચસી સેન્ટર આવેલ છે. જ્યાં બે ડૉક્ટર ફરજ પર છે જેમને ત્યાં જ રહેવાનું હોય છે. પરંતુ ત્યાં ન રહેતા હોવાની ફરીયાદો ઉઠી છે. સવારે પીએચસી સેન્ટરમાં મોડા આવવુ અને બપોરે જ સેન્ટર પરથી નીકળી જવુ તેમનો નિત્યક્રમ બની ગયો છે. તેમને પુછવામાં આવે તો મીટીંગમાં હોવાના જવાબ આપે છે. જ્યારે ટીએચઓ હિતેન્દ્રસિંહ ગઢવી પણ તેમને છાવરી રહ્યા છે. ઉચીધનાલ આજુબાજુના ગામડા, તુવર, વિખરણ, અંબાઈગઢાની પ્રજા દવા લેવા આવે તો તેમને ફાર્માસીસ્ટ પાસેથી દવાઓ લઈ જવી પડે છે. ઉચીધનાલ પીએચસી સેન્ટરની આજુબાજુ ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે.

# વિકાસ પીડિયા પોર્ટલ અંગે ઉદ્‌ગમ દ્વારા કાર્યશાળા યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રવૃત્તિઓને ટેકનોલોજી સાથે જોડવા માટે શરૂ કરાયેલ વિકાસ પિડિયા પોર્ટલની કામગીરી અંગે વિગતો આપતા તથા તેમાં ભાગીદાર બનવા માટે ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક કાર્યશાળાનું આયોજન આગામી તા. ૨૩મી ડિસમ્બરના રોજ સવારે ૧૧ થી સાંજે ૪ દરમ્યાન યુથ હોસ્ટેલ, સે. ૧૬ ખાતે કરવામાં આવ્યું છે.

ઈન્ડિયન ડેવલપમેન્ટ ગેટ-વે ઈલેક્ટ્રોનિક અને આઈ ટી વિભાગ-ઈન્ફર્મેશન અને ટેકનોલોજી મંત્રાલય, ભારત સરકારની વિવિધ ભાષામાં આઈસીટી પહેલ એટલે વિકાસ પીડિયા પોર્ટલ ગુજરાતમાં આપની સંસ્થાની દરેક પ્રવૃત્તિઓને ટેકનોલોજીની વાચા આપવા સી-ડેક, હેદરાબાદ દ્વારા પહેલ કરવામાં આવી છે. વિકાસ પીડિયા પોર્ટલ ઈન્ફર્મેશન-કમ્યુનીકેશન ટેકનોલોજીના વપરાશ દ્વારા વિકાસને લગતા ક્ષેત્રોમાં સરકાર સ્વૈચ્છિક સંસ્થાઓ અને વંચિત સમુદાયોની વચ્ચે માહિતીના આદાન પ્રદાન માટે મંચ પુરૂ પાડે છે.

આઈસીટીના નવા માધ્યમ દ્વારા પોતાના કાર્યોને વાચા આપવા અને વિકાસ પીડિયાના ભાગીદાર થવા ગાંધીનગર જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓને આમંત્રિત કરીએ છીએ. આ આખુ કાર્ય બહોળી લોક ભાગીદારીથી થાય અને વધુમાં વધુ વંચિત લોકો સુધી વિવિધ જીવનોપયોગી વિષયોની માહિતી પહોંચે તે સી-ડેક, હેદરાબાદ, અને ઉદગમે સાથે મળી એક કાર્યશાળાનું આયોજન કર્યુ છે જેમાં સહભાગિતા નોંધાવવા માટે આપને અમો ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ. આ સંદર્ભે આપની ઉપસ્થિતિ અને સંખ્યા જણાવવા શ્રી સંજય પ્રજાપતિ-૯૫૩૭૦૧૮૯૮૩નો સંપર્ક કરવા મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશીએ અનુરોધ કર્યો છે.

# ભાજપના વરિષ્ઠ નેતા સંજય જોશીનું ભવ્ય સ્વાગત

અમદાવાદ, તા.૨૦

ભાજપના વરિષ્ઠ નેતા સંજય જોશી વિહિપના નેતા પ્રવિણ તોગડિયાના પુત્રના લગ્નમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હાલમાં જ સંજય જોશીના પોસ્ટરોને લઇને ભારે વિવાદ રહ્યો હતો.

અમદાવાદ રેલ્વે સ્ટેશન પર વીએચપી, આરએસએસ અને ભાજપના કાર્યકર્તાઓ સંજય જોશીને આવકાર્યા હતા. જ્યારે મહેસાણા અને પાલનપુર રેલ્વે સ્ટેશન પર પણ ભાજપના કાર્યકરો, સંતો સહિતનાઓએ તેમનું સ્વાગત કર્યું હતું.

સંજય જોશી તોગડિયાનાં પુત્રનાં લગ્નમાં આપી નવદંપતીને આશિર્વાદ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સંજય જોશીના સવારે રેલ મારફતે અમદાવાદ પહોંચ્યા હતાં પરંતુ તે પહેલા પાલનપુર અને મહેસાણા રેલ્વે સ્ટેશન પર તેમનું વીએચપી, સંતો, ભાજપના કાર્યકર્તાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. સંજય જોશીની અમદાવાદ મુલાકાત સામાજિક પ્રસંગ સંબંધિત છે. થોડા દિવસ પહેલા અમદાવાદમાં સંજય જોશીના પોસ્ટરોએ ભારે ચર્ચા જગાવી હતી જેને લઈને પ્રવિણ તોગડિયાના પુત્રના લગ્નમાં રાજકિય ગરમાવો આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી હતી.






અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના નાથાવાસ ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં દિશા માઈક્રો ફાયનાન્સ પ્રા.લી. દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા માઈક્રો ફાયનાન્સ પ્રા.લી.ના રિઝનલ મેનેજર ગીરીશભાઈ પરમાર, બ્રાન્ચ મેનેજર જશુભાઈ, સી.સી.ઓ. વિમલ એમ. વાળંદ તથા બ્રાન્ચના તમામ સેન્ટર મેનેજરોની ઉપસ્થિતિમાં નિઃશુલ્ક કેમ્પ યોજાયો હતો. જે ઉપરોક્ત તસવીરમાં નજરે પડે છે.

## કરોડો રૂપિયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

શુક્રવારના દિવસે જ અમિત શાહે કિર્તી આઝાદને બોલાવીને આક્ષેપો સાથે આગળ ન વધવા કહ્યું હતું. કિર્તી આઝાદ અને બીસનસિંહ બેદીએ દિલ્હીમાં કોન્ફરેન્સ કરી ડીડીસીએ વિવાદ મામલે અમુક નવા ખુલાસા કર્યા.

આ વિડીયોમાં ડીડીસીએના અધિકારીઓ ઉપરાંત જેટલી સહિતના નેતાઓની ભ્રષ્ટાચારમાં સંડોવણી હોવાની વાત કરી હતી. તેમણે આ સાથે જણાવ્યું હતું કે, તેઓને જેટલી કે અન્ય નેતાઓ વિરુદ્ધ કોઈ વ્યક્તિગત દુશ્મની નથી. તેઓ માત્ર દિલ્હી ક્રિકેટમાંથી ભ્રષ્ટાચાર દુર કરવા માંગે છે. આઝાજે પોતાને મોદીનો સૌથી મોટો ફેન ગણાવ્યો હતો. કિર્તિ આઝાદે વિડિયો થકી ડીડીસીએના ભ્રષ્ટાચારને જાહેર કર્યા બાદ ડીડીસીએ દ્વારા નાણાંકીય અનિયમિતતાની વાત સ્વીકારી હતી. જોકે, આ સાથે જ તેમણે નાણાંમંત્રી અરુણ જેટલીનો બચાવ કર્યો હતો ઈ આ માટે જવાબદાર ન હોવાની વાત કહી હતી. ડીડીસીએ દ્વારા નાણાકીય અનિયમિતતા માટે સ્નેહ બંસલને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.

# ફેમીલી પ્લાનીંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલ પરિસંવાદ

અમદાવાદ, તા. ૨૦

ફેમીલી પ્લાનીંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા, ઈનરનેશનલ પ્લાન્ડ પેરેન્ટહૂડ ફેડરેશન અને સીએનએસના સંયુક્ત ઉપક્રમે વૈશ્વિક સતત વિકાસના લક્ષ્યાંકો ૨૦૩૦ અંગે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકમાં જે નવા ધ્યેય નક્કી કરવામાં આવ્યા છે ત્યારે આ તમામ ધ્યેયની પૂર્તિ માટે ગુજરાતમાં જાતિય અને પ્રજનન સ્વાસ્થ્ય તેમજ અધિકારોને વેગ આપવાની બાબત પર ભાર મુકવામાં આવ્યો હતો.

રાજ્યના આરોગ્ય વિભાગના ડૉ. ધોળકિયા સહિત ત્યાં ઉપસ્થિત નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે વૈશ્વિક સતત વિકાસ લક્ષ્ય ૨૦૩૦ એ આર્થિક, સામાજિક અને પર્યાવરણીય સ્તંભોના સંતુલન પર આધારે છે. જેમાં જાતીય અને પ્રજજન સ્વાસ્થ્ય અને વૈશ્વિક વિકાસ લક્ષ્ય વચ્ચે ગાઢ સંબંધ છે. જાતીય પ્રજનન સ્વાસ્થ્ય, ગરીબી અને ભુખમરો ઘટાડવામાં મહત્વનું છે. અનો તો વધુ સારૂ સ્વાસ્થ્ય, ગુણવત્તાસભર શિક્ષણ, સ્ત્રીશસક્તિકરણ અંગે જાતીય સમાનતા માટે મદદરૂપ થાય છે.

## સંપર્ક બનાવે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન સાયબર સુરક્ષા, ડિઝીટલ તકનિક અને સોશિયલ મીડીયા વગેરે વિષયોને આવરી લીધા અને કહ્યું કે પોલીસ અધિકારીઓએ તેમના કામમાં ઉભરતી ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે આંતર રાજય સરહદો પાર પડોસી જીલ્લાના પોલીસ દળો વચ્ચે વધુમાં વધુ સંપર્ક વિકસાવવા હાંકલ કરી હતી. વડાપ્રધાન પ્રવાસન પોલીસ, આપદા પ્રબંધન અને પોલીસ તાલીમ પગેરે વિષયો પર પણ પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. નરેન્દ્ર મોદીએ પોલીસ અધિકારીઓ દ્વારા દાખવવામાં આવેલી નિઃસ્વાર્થ સેવા અને સમર્પણ ભાવની પ્રશંસા કરી હતી, તથા તેમના કામ પ્રત્યેની નિષ્ઠાને રાષ્ટ્રની સુરક્ષાના સાર તરીકે વર્ણવી હતી. વડાપ્રધાનએ આઈબી અધિકારીઓને વિશિષ્ઠ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક પણ એનાયત કર્યા હતા. આ પહેલા દિવસ દરમિયાન, પ્રતિનિધિઓએ પોલીસ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી વિશે ચર્ચા કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથ સિંહે અને કેન્દ્રીય ગૃહ રાજય મંત્રીઓ કીરેન રીજીજુ અને હરિભાઈ પારથીભાઈ ચૌધરી પણ હાજર રહ્યા હતા.

## ગરબા રજૂ કર્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલાકારોને રમત ગમત અને યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના કમિશ્નર મનીષ ભારદ્વાજ તેમજ જે ટી અખાણીએ પ્રોત્સાહિત કર્યા હતા. પનઘટના કલાકારોએ અગાઉ પણ રાષ્ટ્રપતિ ભવનમાં આ ગરબો રજુ કરીને ગુજરાતનુ નામ કલા અને સાંસ્કૃતિક જગતમાં રોશન કર્યુ હતુ. પનઘટ કલા કેન્દ્રના કલાકારોમાં ભાવિન પટેલની આગેવાની હેઠળ ખુશ્બુ ભાવસાર, આરોહી શાહ, અનુપા પંડયા, હીર શુક્લ, અન્વી શાહ, ફોરમ તન્ના , ભવ્યા ભટ્ટ, મોનિકા ભાટીયા, ભુમી દવે, ઈશા ભટ્ટ, માનસી રાવલ, નૈસર્ગી જોષી, દિવ્યા પંડયા, રાઘેશા બારોટ, નેહા મણિયાર, અવની મણિયાર, ડિમ્પલ ખંધેડીયા, પ્રાચી સાલ્વી, અંકિત પેટલ, ચંદ્રસિંહ ગોહીલે ભાગ લીધો હતો. કચ્છના સફેદ રણમાં પનઘટના કલાકારોનો ગરબો નિહાળી પ્રધાનમંત્રી દંગ.

## કાનૂન અને કાયદો (૪ પાનાનું ચાલુ...)

જમીન ખરીદ્યા પછી ઉદ્યોગકારોને કાબુ બહારના સંજોગોના કારણે થતો વિલબં માટે જમીનની ચુકવેલ કિંમત સરકારમાં ભરપાઈ કરેથી રાજય સરકાર વળતર આપીને જમીન પરત મેળવતી હતી તેમજ આવી જમીનનો વપરાશકાર દ્વારા ઉપયોગ તે અનુલક્ષીને સરકાર દ્વારા જમીનનો નિકાલ પણ કરવામાં આવતો હતો પરંતુ ઉદ્યોગકારોએ ઉદ્યોગ માટે મેળવેલ જમીન ખાનગી વ્યક્તિને વેચાણ કરી શકતા ન હતા હવેથી આવા વેચાણ ૧૦૦ ટકા જમીની રકમ ભરેથી વેચાણ મંજુરી આપવામાં આવશે. નવા ઉદ્યોગ સહમાલીકોને તકલીફ ના પડે તેવી ઉદ્યોગકારો માટે પ્રોત્સાહક નિતિ ગુજરાત સરકાર દ્વારા ખેતીની જમીનનો બિન ખેતીમાં તબદીલ કરવા માટે નવી ગાઈડ લાઈન બહાર પાડવામાં આવી છે.

# હાર્દિકની જામીન અરજી પર આજે વિધિવત રીતે સુનાવણી

અમદાવાદ,તા. ૨૦

અનામત આંદોલનનું નેતૃત્વ કરનાર હાર્દિક પટેલ વતી એક જ કેસમાં બે જામીન અરજી દાખલ કરવામાં આવી છે. જેના પર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. સોમવારના દિવસે એટલે કે આવતીકાલે ગુજરાત હાઈકોર્ટના જજની સાથે સાથે વકીલો સામે પણ કઈ અરજી ઉપર સુનાવણી થવી જોઈએ તેને લઈને દુવિધાભરી સ્થિતિ રહેશે. કારણ કે, બે જુદી જુદી અરજીઓ એક એફઆઈઆરના સંબંધમાં દાખલ કરવામાં આવી ચુકી છે. આ એફઆઈઆર શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા દાખલ કરવામાં અવી છે. પાટીદાર અનામત આંદોલનના લીડર માટે કોર્ટની કાર્યવાહીમાં વકીલ બીએમ મંગુકિયા ઉપસ્થિત રહેનાર છે. તેમના દ્વારા હાર્દિક માટે જામીનની અરજી દાખલ કરવામાં આવી હતી. ૧૬મી ડિસેમ્બરના દિવસે દેશદ્રોહના કેસમાં જામીન અરજી દાખલ કરાઈ હતી. તેજ દિવસે મોડેથી અન્ય એક વકીલ રફીક લોખંડવાલા તરફથી પણ અન્ય જામીન અરજી આજ કેસમાં હાર્દિક માટે હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. સીટી ક્રાઈમ બ્રાંચ દ્વારા નોંધવામાં આવેલા એક જ કેસમાં બે જામીન અરજીઓ દાખલ કરાઈ હતી જેમાં હાર્દિક પટેલ અને અન્ય ચાર સામે દેશદ્રોહ અને કાવતરાના આક્ષેપો મુકવામાં આવ્યા છે. હવે આ બંને જામીન અરજીઓ જસ્ટિસ એજે દેસાઈ સમક્ષ આવતીકાલે હાથ ધરવામાં આવનાર છે. પ્રશ્ન એ ઉપસ્થિત થઈ રહ્યો છે કે, કઈ અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવશે અને હાર્દિક માટે દલીલો કોણ કરશે. હાર્દિક પટેલના કેસનું પ્રતિનિધિત્વ કરનાર વકીલ મંગુકિયાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. હાર્દિકના પરિવારના સભ્યો જામીન માટે મંગુકિયા દલીલ કરે તેમ ઈચ્છતા નથી. હાર્દિકના પિતા ભરત પટેલ કહી ચુક્યા છે કે, વકીલ મંગુકિયાને હાર્દિક માટે જામીન અરજી દાખલ ન કરવા માટે અપીલ કરવામાં આવી હતી અને જામીન માટેની અરજી દાખલ કરી હતી. મંગુકિયાને ઈનકાર કરાયો હોવા છતાં જામીન અરજી કરવામાં આવી હતી. જામીન માટેની અરજી હાર્દિક માટે દાખલ કરાઈ છે તેવી માહિતી પણ મંગુકિયાએ આપી ન હતી જેથી હાઈકોર્ટમાં જામીન કાર્યવાહી માટે અન્ય વકીલને રોકવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પટેલના કાયદાકીય સલાહકાર વિપુલ પટેલ કહી ચુક્યા છે કે, તેમની ટીમે આ કેસમાં એક જ વકીલ સાથે આગળ નહીં વધવાનો નિર્ણય કર્યો છે.

## શહેર ઠંડુગાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘણાએ ઠંડીને દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો.

વહેલી સવારે ઠંડીનુ પ્રમાણ વધુ રહેતુ હોવાથી મોર્નીંગ વોકર્સની સંખ્યા ખુબ ઘટી ગઈ છે. સવારે આઠ-નવ વાગ્યા સુધી ઘરના બારીબારણા ખોલી શકાતા નથી. પવનની ગતિ ખુબ વધુ રહેવાથી વસાહતીઓ ઘરમાં જ રહેવાનુ પસંદ કરે છે. બજારોમાં જે થોડી ઘણી ભીડ જોવા મળે છે તે બપોરના સમયે જ જોવા મળે છે. સાંજ પડતાં જ જાણે માર્ગો પર અને બજારોમાં સોપો પડી ગયો છે. આગામી બે-ત્રણ દિવસમાં પારો હજુ નીચો જવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આજે લઘુત્તમ તાપમાન ૭.૫ ડિ.સે. તો મહત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. નોંધાયું હતું.

## કંપની સમાચાર

### હાઈલી ઈન્ડિયા વર્ષ ૨૦૧૬ સુધીમાં ક્ષમતા વધારીને ૨૦ લાખ યુનિટ કરશે

#### સ્થાનિક આરએમ અને કમ્પોનેન્ટ ખરીદીમાં ૧૫ થી ૩૦ ટકા વૃદ્ધિનો લક્ષ્યાંક

ભારતમાં એચવીએસી કમ્પ્રેસ્સર સેગમેન્ટમાં બજારમાં ૩૫ ટકા હિસ્સા સાથે અગ્રાણી હાઈલી ઈન્ડિયા તેની નિકાસ પ્રતિબદ્ધતા અને સ્થાનિક જરૂરિયાતો પૂર્ણ કરવા અમદાવાદ નજીક તેના ચાંગોદર પ્લાન્ટમાં વાર્ષિક ક્ષમતા વધારીને ૨૦ લાખ યુનિટ કરવા રોકાણ કરશે. અંદાજે રૂ. ૪૩૦ કરોડનું રોકાણ થઈ રહ્યું છે.

ભારતના ગુજરાતમાં અમદાવાદ નજીક સ્થિત આ પ્લાન્ટે ૨૬ નવેમ્બર, ૨૦૧૩ના રોજ ઉત્પાદન શરૂ કર્યું હતું અને વર્ષ ૨૦૧૫માં વેચાણ વધીને ૪,૦૦,૦૦૦ યુનિટ્સ થયું છે. ઈન્ડિયા એચવીએસીની સંભવિતતા ભારતીય અર્થતંત્રની વૃદ્ધિ સાથે અનુકુળ દેખાય છે. અને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ત્રીજા ક્વાર્ટરના અંતે અંદાજ મુજબ જઈએ તો હાઈલી ઈન્ડિયા અભૂતપૂર્વ વૃદ્ધિ કરશે તેવી અપેક્ષા છે.

હાઈલી પ્રથમ રોટરી કમ્પ્રેસ્સર સપ્લાયર હતી, જેણે વડાપ્રધાન મોદીના ''મેક ઈન ઈન્ડિયા'' સ્વપ્રમાં રોકાણ કર્યું છે. કારણ કે સ્થાનિક ઉદ્યોગ એર કન્ડિશનર્સ અને એસી કમ્પ્રેસ્સર ઉદ્યોગના વિકાસનું સંચાલન કરે છે.

ઇ-ટેન્ડરીંગ નિવિદા નં.૫ સને ૨૦૧૫-૨૦૧૬

(ફક્ત વિજળીકરણ કામના ઠેકેદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજોમાળ, સેક્ટર-૧૬, ગાંધીનગર. (ટે.નં. ૨૩૨૫૯૫૧૮) દ્વારા વીજળીકરણને લગતા (૫) કામોની અંદાજીત કિંમત રૂ. ૨૨૩૯૪.૨૫ થી ૨૯૯૨૪.૫૫ સુધીની છે. જેના ઓનલાઈન અને ઓફલાઈન ભાવો ઠેકેદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૪/૧/૨૦૧૬ ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ તેમજ અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

ઓફલાઈન ટેન્ડર માટે તા. ૨૫/૧૨/૨૦૧૫ સુધી ડાઉનલોડ કરી શકાશે જેને આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરી ખાતે તા. ૪/૧/૨૦૧૬ ૧૬.૦૦ સુધી જરૂરી દસ્તાવેજો સાથે મોકલવાની રહેશે.

માહિતી/૨૦૯૫/૨૦૧૫-૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર, ગુજરાત, ૩૮૨૦૧૬.
ફોન (૦૭૯) ૨૩૨૨૩૩૦૭

ટુંકી જાહેર નિવિદા

સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ગુજરાત રાજ્ય) દ્વારા ઈ-ટેન્ડર પદ્ધતિથી, નીચે મુજબના કામના ભાવો માંગવામાં આવે છે.

(૧) કામનું નામ : ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગરની હયાત કચેરી સંકુલના આંતરીક ફર્નિચર તથા HVAC સાથેના કામ.
(૨) અંદાજીત રકમ : રૂ. ૪,૧૪,૪૧,૪૫૩.૦૦
(૩) કોન્ટ્રાક્ટરની લાયકાત : વર્ગ-એ (કે ઉપરના શ્રેણી) તેમજ મકાનોની ખાસ કક્ષા-૨ (કે ઉપરની કક્ષા)
(૪) રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો કે જેઓ ભાગ લેવા ઈચ્છુક છે. તેઓ ટેન્ડર અંગેની વધુ માહિતી www.gwwsb.org તથા www.nprocure.com પરથી ઉપરોક્ત ટેન્ડર આઈ.ડી. નં. ૧૯૬૬૮૬ નાંખીને તદ્દન મફતમાં ડાઉનલોડ કરી શકશે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૧૩/૧/૨૦૧૬ છે.
(૫) ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા. ૧૩/૧/૨૦૧૬ છે. (સમય ૧૮.૦૦ કલાક)
(૬) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજ ફીઝીકલ ફોર્મમાં અપલોડ કરવાની તથા આર.પી.એ.ડી.થી કચેરીને મોકલવાની તારીખ ૧૪/૧/૨૦૧૬ થી ૨૦/૧/૨૦૧૬ મુકરર કરવામાં આવેલ છે. બાનાની રકમ રૂ. ૪,૧૪,૪૧૦/- તથા ટેન્ડર ફી રૂ. ૬,૦૦૦/-ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ડ બિડવાનો રહેશે.
(૭) પ્રિ બીડ મીટીંગ તા. ૫/૧/૨૦૧૬ના રોજ ૧૨.૦૦ કલાકે કચેરી સમથળે કરવામાં આવશે.

કોઈપણ ટેન્ડર સ્વીકારવા કે રદ કરવાની સત્તા સંયુક્ત નિયામક, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થાને અબાધિત રહેશે.

માહિતી/૨૧૦૨/૨૦૧૫-૧૬